# કેવિકે વ્યારા ખાતે 'ટેકનોલોજી વીક–૨૦૨૦' અંતર્ગત પશુપાલન શિબિરનું આયોજન કરાયું







કેવિકે વ્યારા ખાતે 'ટેકનોલોજી વીક–૨૦૨૦' અંતર્ગત આદર્શ પશુપાલન વિષય ઉપર આજ તા ૦૧/૧૨/૨૦૨૦ના રોજ પશુપાલન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના વડા, ડો. સી. ડી. પંડ્યાએ આવકાર પ્રવચન આપી કાર્યક્રમનો હેતુ સમજાવ્યો હતો અને પશુપાલકોને વૈજ્ઞાનિક ઢબે પશુઉછેર કરવા માટે હાંકલ કરી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પશુપાલન વિષયના વૈજ્ઞાનિક ડો. જે. બી. બુટાણીએ આદર્શ પશુપાલન માટે જરૂરી અગત્યના મુદ્દાઓ વિશે વિસ્તૃતમાં છણાવટ કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે , આદર્શ પશુપાલન માટે અગત્યની બાબત એવી ઓલાદ સુધારણા માટે રાખવાની થતી જરૂરી બાબતો વિશે પણ પશુપાલકો સાથે ચર્ચા કરી હતી. અંતમા પશુપાલકોને મુંજવતા પોતાના પ્રશ્નોનું પણ યોગ્ય નિરાકરણ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ ડો. ધર્મિષ્ઠા પટેલ, વૈજ્ઞાનિક (બાગાયત)એ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરાયો હતો.